સંક્ષિપ્ત સમાચાર

શિક્ષક દિન નિમિત્તે ગોધરાના ચંચોપા ખાતે બાળ લગ્ન અટકાવવા અંગે જાગૃતિ કાર્યક્રમ યોજાયો

ગોધરા : ગ્રામ વિકાસ ટ્રસ્ટ અને જસ્ટ રાઈટ ફોર ચિલ્ડ્રનના સંયુક્ત ઉપક્રમે ૫ સપ્ટેમ્બર - ૨૦૨૬, શિક્ષક દિન નિમિત્તે ગોધરા તાલુકાના ચંચોપા ખાતે આવેલી મોડલ સ્કૂલ ખાતે બાળ લગ્ન નાબૂદી અંગે વિશાળ જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં શાળાના વિદ્યાર્થીઓ તેમજ શિક્ષકોએ મોટી સંખ્યામાં ઉત્સાહભેર ભાગ લીધો હતો. કાર્યક્રમ દરમિયાન વિવિધ સરકારી વિભાગોના અધિકારીઓએ હાજરી આપીને ઉપસ્થિત વિદ્યાર્થીઓ અને શિક્ષકોને કાયદાકીય તેમજ સામાજિક માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. જેમાં બાળ લગ્ન પ્રતિબંધક અધિનિયમ, ૨૦૦૬ ની વિવિધ જોગવાઈઓ, બાળ લગ્નથી થતી ગંભીર શારીરિક, માનસિક અને સામાજિક માઠી અસરો તથા બાળ લગ્ન એ કાયદાકીય ગુનો અને સામાજિક દૂષણ છે તે બાબતે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી.

દેલોલ સ્કૂલના ૧૯૮૨ની બેચના વિદ્યાર્થીઓનું ભવ્ય સ્નેહમિલન અને ગેટ-ટુ-ગેધર

કાલોલ : કાલોલ તાલુકાના દેલોલ એમએમ એસ હાઈસ્કુલમાંથી વર્ષ ૧૯૮૨માં અભ્યાસ પૂરો કરનાર વિદ્યાર્થીઓનું સાતમું ગેટ-ટુ-ગેધર અને સ્નેહમિલન સમારોહ ભારે ઉત્સાહ અને ઉલ્લાસ સાથે યોજાઈ ગયુ તાજેતરમાં ૬ સપ્ટેમ્બર ૨૦૨૬ના રોજ 'ઓકલીફ રેસ્ટોરન્ટ' (Oakleaf Restaurant) સમા સાવલી રોડ,વડોદરા ખાતે યોજાયેલા આ ભવ્ય કાર્યક્રમમાં ૧૯૮૨ની બેચના ૧૮ થી ૧૯ જેટલા કપલ્સ (દંપતીઓ) સાથે ઉત્સાહી ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. વિશેષ વાત એ રહી કે આ તમામ વરિષ્ઠ મિત્રોની ઉંમર ૫૫ થી ૬૪ વર્ષની વયજૂથની હતી, છતાં તેમનામાં યુવાનો જેવો જ જોશ અને ઉત્સાહ જોવા મળ્યો હતો.

શ્રાવણના અંતિમ સોમવારે શ્રી કેદારનાથ મહાદેવ ધાબાડુંગરી ખાતે શિવજીને શણગાર

હાલોલ : પવિત્ર શ્રાવણ મહિનાના ચોથા અને અંતિમ સોમવાર નિમિત્તે હાલોલ પાવાગઢ ની વચ્ચે આવેલ ધાબાડુંગરી ખાતે શ્રી કેદારનાથ મહાદેવનો અદભુત શણગાર તેમજ હાલોલ શહેર સહિત સમગ્ર પંથકના શિવમંદિરોમાં શ્રદ્ધાળુઓનું ભારે મહેરામણ ઉમટી પડ્યું હતું. વહેલી સવારથી જ શિવાલયોમાં ભક્તોની લાંબી લાઈનો જોવા મળી હતી, જેના કારણે સમગ્ર વાતાવરણ હર હર મહાદેવ અને ઓમ નમઃ શિવાયના નાદથી ગુંજી ઊઠ્યું હતું. ભક્તોએ પરિવાર સાથે મંદિરોમાં પહોંચી શિવલિંગ પર જળાભિષેક કર્યો હતો તથા કમળ અને બીલીપત્ર અર્પણ કરીને દેવાધિદેવ મહાદેવની ભાવપૂર્વક પૂજા-અર્ચના કરી ધન્યતા અનુભવી હતી.

કાલોલ ખાતે ૭૭માં 'વન મહોત્સવ' અને 'વન કવચ' લોકાર્પણ કાર્યક્રમનું ભવ્ય આયોજન

કાલોલ : સામાજિક વનીકરણ વિભાગ ગોધરા, રેન્જ કાલોલ દ્વારા તાલુકા કક્ષાના ૭૭માં વન મહોત્સવની ઉજવણી, વન કવચ લોકાર્પણ તથા વૃક્ષારોપણ કાર્યક્રમનું સફળ આયોજન વન કવચ, કાલોલ ખાતે કરવામાં આવ્યું હતું. "વૃક્ષ વાવીએ, જીવન બચાવીએ" અને "વૃક્ષો વાવીએ હરિયાળું ગુજરાત બનાવીએ" ના સંકલ્પ સાથે યોજાયેલા આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે કાલોલના ધારાસભ્ય ફતેસિંહ ચૌહાણ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં અતિથિ વિશેષ તરીકે કાલોલ તાલુકા પંચાયતના પ્રમુખ જયપાલસિંહ રાઠોડ સહિત હોદ્દેદારો તેમજ નગરપાલિકા ચીફ ઓફિસર સંજય પટેલ હાજર રહ્યા હતા.

જાગૃતિધામ વગેલામાં શ્રાવણ ઉપાસનાનો ભવ્ય સમાપન સમારોહ

દાહોદ : જાગૃતિધામ વગેલામાં જનજાતી સામાજીક આગેવાન અજીતદેવ પારગી, શ્રી ધનાજી મહારાજ અને સંતોના સાનિધ્યમાં શ્રાવણ માસ ઉપાસના સમાપને યોજાયો યજ્ઞ હોમ હવનનો કાર્યક્રમ. ઝાલોદ તા. ૬/૯/૦૨૬ ના રોજ ઝાલોદ તાલુકાના વગેલા ગામે સંત શ્રી ધનાજી મહારાજની સાનિધ્યમાં જાગૃતિ ધામ સાથે જોડાયેલા સંતો ભક્તોના પ્રયત્નો થી પવિત્ર શ્રાવણ માસના સમાપન પ્રસંગે ભવ્ય હોમ હવન અને યજ્ઞનો કાર્યક્રમ આયોજીત થયો હતો, કાર્યક્રમમા શ્રાવણમાસનો ઉપવાસ પુજા સાધના કરનારા ભક્તો સાધકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતાં અને પોતાના ગુરુ તથા સંતોના સાનિધ્યમાં ભગવાન શિવ સાધનાની પવિત્ર શ્રાવણ માસની પુજા વ્રત ઉપવાસની પુર્ણાહુતી પુર્વે યજ્ઞ હોમ હવનમાં જોડાયા હતાં.

---

૧૨ મીટરની જગ્યાએ હાલ ૯ મીટર સુધી દબાણ દૂર કરવા રજૂઆત

લીમખેડામાં દબાણ હટાવવાની કામગીરીને ગ્રામજનોનું સમર્થન

ભવિષ્યમાં જરૂર પડે તો ૧૨ મીટર સ્વેચ્છાએ ખાલી કરવાની ગ્રામજનોએ આપી બાંહેધરી

(પ્રતિનિધી) લીમખેડા, તા.7 લીમખેડા નગરમાં માર્ગ અને મકાન વિભાગ દ્વારા રોડસાઈડના દબાણો દૂર કરવાની કામગીરી શરૂ કરવામાં આવતા ગ્રામજનો અને વેપારીઓ દ્વારા તેનું સમર્થન કરવામાં આવ્યું છે. જોકે, હાલ રોડના મધ્યબિંદુથી 12 મીટરની જગ્યાએ 9 મીટર સુધીનું દબાણ દૂર કરવામાં આવે તેવી રજૂઆત ગ્રામજનો દ્વારા કરવામાં આવી છે. આ અંગે 07/09/2026ના રોજ લીમખેડા ગ્રામ પંચાયત કચેરી ખાતે નગરજનો, વેપારીઓ અને માર્ગ અને મકાન વિભાગના નાયબ કાર્યપાલક ઈજનેર વચ્ચે બેઠક યોજાઈ હતી. બેઠક દરમિયાન ગ્રામજનોએ જણાવ્યું હતું કે, નગરમાં હાલ 12 મીટરની માર્કિંગ કરીને રોડસાઈડના દબાણો દૂર કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે. જેના પગલે કેટલાક સ્થાનિક નાગરિકો અને વેપારીઓ દ્વારા હાલ પૂરતા 9 મીટરની મર્યાદામાં દબાણ દૂર કરવાની રજૂઆત કરવામાં આવી હતી. ગ્રામજનોએ પોતાની રજૂઆતમાં એવી પણ ખાતરી આપી છે કે, ભવિષ્યમાં માર્ગ અને મકાન વિભાગને રોડના વિકાસ અથવા વિસ્તરણ માટે 12 મીટર જગ્યાની જરૂરિયાત ઊભી થાય તો તેઓ સ્વેચ્છાએ દબાણ દૂર કરી જગ્યા ખાલી કરશે. આ અંગે ગ્રામજનો દ્વારા માર્ગ અને મકાન વિભાગના નાયબ કાર્યપાલક ઈજનેરને લેખિત ખાતરી અને સામૂહિક બાંહેધરીપત્ર આપવામાં આવ્યું છે. સાથે જ ગ્રામજનોએ હાલ નગરમાં ટ્રાફિકને અડચણરૂપ બનતા દબાણો દૂર કરવાની માંગ કરી છે. નગરના મુખ્ય માર્ગો પર અવરજવરમાં અડચણ ઊભી કરતા દબાણો દૂર થાય તો વાહનચાલકો અને રાહદારીઓને સરળતા રહે તેવી રજૂઆત કરવામાં આવી હતી. બીજી તરફ, માર્ગ અને મકાન વિભાગ, મામલતદાર કચેરી, તાલુકા વિકાસ અધિકારી, પ્રાંત અધિકારી અને ડીવાયએસપીની ઉપસ્થિતિમાં લીમખેડા નગરમાં દબાણ દૂર કરવાની કામગીરી શરૂ કરવામાં આવી છે. વહીવટી તંત્ર દ્વારા હાથ ધરાયેલી આ કામગીરીને ગ્રામજનોએ સમર્થન આપ્યું છે, સાથે જ હાલની સ્થિતિને ધ્યાનમાં રાખીને 9 મીટરની મર્યાદા અંગે તંત્ર સમક્ષ રજૂઆત કરી છે. ગ્રામજનો દ્વારા આપવામાં આવેલા બાંહેધરીપત્રની નકલ તાલુકા વિકાસ અધિકારી, મામલતદાર, માર્ગ અને મકાન વિભાગના નાયબ કાર્યપાલક ઈજનેર, પ્રાંત અધિકારી તેમજ દાહોદ જિલ્લા કલેક્ટરને જાણ અને જરૂરી કાર્યવાહી માટે મોકલવામાં આવી છે.

કાલોલ તાલુકા પંચાયતના સભાખંડમાં આયોજન

પોષણ-માસની ઉજવણી અંતર્ગત પોષ્ટિક વાનગી સ્પર્ધા-૨૦૨૬ યોજાઈ

(પ્રતિનિધી) કાલોલ, તા.7 ૨૦૨૬ પોષણ ઉત્સવ અંતર્ગત આઈસીડીએસ કાલોલ ઘટક-૧ અને ઘટક-૨ માં પોષણ માસની ઉજવણી કાલોલ તાલુકા પંચાયતના સભાખંડ ખાતે પોષ્ટિક વાનગી સ્પર્ધાનુ આયોજન કરવામાં આવ્યુ હતું.પોષણ માસની ઉજવણી દરમિયાન આઈસીડીએસ સ્ટાફ દ્વારા સરકાર દ્વારા મળતી યોજનાઓ અંગે માહિતી આપવામાં આવી હતી.આ પોષણ ઉત્સવ ઉજવણીમાં THR અને મિલેટ્સ માંથી બનતી વિવિધ પૌષ્ટિક વાનગી બનાવીને સ્પર્ધા યોજી, આ વાનગી સ્પર્ધામાં પ્રથમ, દ્વિતીય, અને તૃતીય ક્રમે આવેલ વિજેતાઓને પ્રમાણપત્ર વિતરણ કરવામાં આવ્યા હતાં.અંત્રે ઉલ્લેખનીય છે કે, પોષણ ઉત્સવ ૨૦૨૬ની ઉજવણી કાલોલ તાલુકાના વિવિધ આંગણવાડી કેન્દ્રો દ્વારા પોષણ માસની ઉજવણી કરવામાં આવી રહી છે. આ ઉજવણીમાં THR અને મિલેટ્સનો ઉપયોગ કરવાથી થતા ફાયદા અને રોજ-બરોજના જીવનમાં કેવી રીતે ઉપયોગ કરવા અંગેની માહિતી આપવામાં આવે છે.

ગરબાડાના ગુંગરડીમાં ઝેરી કોબ્રાનો આતંક

બે મરઘીને ડંખ મારી નવ ઈંડા ગળી ગયો

(પ્રતિનિધી) દાહોદ, તા.7 ગરબાડા તાલુકાના ગુંગરડી ગામના સિંગા મહુડા ફળિયામાં હૃદયના ધબકારા વધારી દે તેવીએક ઘટના સામે આવી છે. રહેણાંક મકાનમાં અચાનક અત્યંત ઝેરી કોબ્રા (કાળો નાગ) ઘુસી આવતા સમગ્ર વિસ્તારમાં અને પરિવારમાં ભારે અફરાત ફરી મચી જવા પામી હતી.

ગરબાડા તાલુકાના ગુંગરડી ગામે સિંગા મહુડા ફળિયામાં રહેતા એક પરિવારના રહેણાંક મકાનમાં કોબ્રા સાપ ઘૂસી ગયો હતો. ઘરમાં અચાનક ઘૂસી ગયેલા ખતરનાક કોબ્રાએ આતંક મચાવી બે મરઘીઓને ડંખ મારી મોતને ઘાટ ઉતારી દીધી હતી. આટલે થી ના અટકતા, આ ઝેરી કોબ્રા સાપે મરઘીના નવ જેટલા આખા ઈંડા - એક પછી એક ગળી લીધા હતા. ઘરમાં અચાનક અવાજ આવતા અવાજની દિશામાં દોડી આવેલા ને પરિવારજનોએ ઘરના ખૂણામાંએક વિષધર નાગને જોતા સૌના હોંશ ઉડી ગયા હતા. જોકે પરિવારના સભ્યોએ સમય સુચકતા વાપરી સહેજ પણ ગભરાયા વિના સ્નેક રેસ્ક્યુઅરને તાત્કાલિક ઘટનાની જાણ કરી હતી. જેથી ઘટના સ્થળે સમયસર દોડી આવેલા સ્નેક રેસ્ક્યુઅરે વિષધર નાગને રેસ્ક્યુ કરવાનું ઓપરેશન હાથ ધરી ભારે જહેમત બાદ ઝેરી કોબ્રાનું સફળતાપૂર્વક રેસ્ક્યુ કર્યું હતું.

બાકરોલ પ્રાથમિક શાળામાં કુપોષણ નાબુદી કાર્યક્રમ યોજાયો

(પ્રતિનિધિ) કાલોલ,તા.7 ભારતમાં દર વર્ષે ૧ સપ્ટેમ્બરથી ૭ સપ્ટેમ્બર દરમ્યાન રાષ્ટ્રીય પોષણ સપ્તાહની ઉજવણી કરવામાં આવે છે.આ સપ્તાહનો મુખ્ય ઉદ્દેશ્ય બાળકો, સગર્ભા સ્ત્રીઓ અને સામાન્ય નાગરિકોમાં પૌષ્ટિક આહાર, સ્વાસ્થ્ય અને કુપોષણ મુક્ત ભારત પ્રત્યે જાગૃતિ લાવવાનો છે. તે અંતર્ગત શાળાના વિદ્યાર્થીઓ અને સમાજમાં કુપોષણ પ્રત્યે જાગૃતિ આવે સ્વાસ્થ્ય પ્રત્યે સભાન થાય તે ઉદ્દેશથી કાલોલની બાકરોલ પ્રાથમિક શાળાના આચાર્ય અને શિક્ષકો દ્વારા કુપોષણ નાબુદી પ્રત્યે જાગૃત થાય તે ઉદ્દેશથી રેલીનું આયોજન કરવામાં આવ્યું છે.

કૂવામાં પડેલી યુવતીને લોકોએ બચાવવાનો પ્રયત્ન કર્યો હતો

સુખસરના ડબલારા ગામની યુવતીએ અગમ્ય કારણોસર કુવામાં ઝંપલાવ્યું



(પ્રતિનિધિ) સુખસર,તા.6 સુખસર તાલુકાના ડબલારા ગામે રહેતા શંકરભાઈ માનસિંગભાઈ રાવળને સંતાનમાં બે પુત્રો તથા ત્રણ પુત્રીઓ હતી.જેમાં બીજા નંબરની પુત્રી નામે વિલાસબેન શંકરભાઈ રાવળ (ઉંમર વર્ષ 18) ધોરણ 12 પછી કોલેજના પહેલા વર્ષમાં સુખસર કોલેજમાં અભ્યાસ કરતી હતી. જ્યારે વિલાસબેનના માતા-પિતા હાલ બહારગામ મજૂરી અર્થે ગયેલા હતા.જ્યારે વિલાસબેન તથા તેના ત્રણ નાના ભાઈ-બેન દાદા માનસિંગભાઈ રાવળ પાસે ડબલારા ઘરે રહેતા હતા.શનિવાર સાંજના વિલાસબેન તેના પિતા શંકરભાઈને મોબાઈલથી સામાન્ય વાત પણ કરી હતી.અને આ વિલાસબેન સાંજના સાતેક વાગ્યાના અરસામાં પોતાના ઘરના આંગણામાં નાના બાળકને રમાડી રહ્યા હતા.અચાનક આ બાળકને તેના દાદાને સોંપી દોડતી જઈ પોતાના મકાન થી દોઢસો ફૂટ દૂરના અંતરે આવેલ કુવા બાજુ ગઈ હતી.અને કાઈ સમજે તે પહેલા કુવામાં ભુસકો માર્યો હતો.જેથી ઘરના સભ્યોને જાણ થતાં બૂમાબુમ કરતા આસપાસથી લોકો દોડી આવ્યા હતા.અને વિલાસબેનને સહી સલામત કૂવામાંથી બહાર કાઢવાનો પ્રયત્ન કર્યો હતો.પરંતુ કૂવામાંથી બહાર આવતાં પહેલા જ વિલાસબેન નું પ્રાણ પખેરૂ ઉડી ગયું હતું.જુવાન જોધ દીકરીએ અચાનક કૂવામાં ભૂસકો મારી મોતને વહાલું કરી લેતા પરિવારમાં શોકનું મોજુ ફરી વળ્યું છે. જ્યારે ગામમાં હાહાકાર મચી ગયો હોવાનું જાણવા મળે છે.ઉપરોક્ત બાબતે મૃતક વિલાસબેનના પિતા શંકરભાઈ માનસિંગભાઈ રાવળે સુખસર પોલીસ સ્ટેશનમાં જાણ કરતા પોલીસે પંચનામા બાદ લાશનો કબજો મેળવી સુખસર સરકારી દવાખાનામાં પી.એમ અર્થે મોકલી આગળની તપાસના ચક્રો ગતિમાન કર્યા હોવાનું જાણવા મળે છે.

દાહોદ સબ જેલમાં પાર્થેશ્વર શિવલીંગની પૂજા કરાઈ

દાહોદ : શ્રાવણ માસનો છેલ્લો સોમવાર હિન્દુ ધર્મમાં ખૂબ જ પવિત્ર અને વિશેષ મહત્વ ધરાવે છે. સમગ્ર શ્રાવણ મહિનો શિવભક્તિ માટે શ્રેષ્ઠ ગણાય છે, જેમાં દાહોદ સબ જેલમાં બંદીવાનો દ્વારા શ્રાવણ માસના છેલ્લા સોમવાર નિમિતે દર વર્ષની જેમ આ વર્ષે પણ માટી અને ગૌ-મુત્ર તથા ગાયના છાણ ના મિશ્રણ થી શીવલીંગ બનાવવામાં આવેલ. ત્યાર બાદ બંદિવાનો દ્વારા પંચામૃત થી અભિષેક કરવામાં આવેલ અને ભજન, પુજા, આરતી કરી તેનું વિસર્જન કરવામાં આવેલ. આ પ્રસંગ નિમિત્તે જેલના બંદિવાનોમાં ભક્તિભાવ જોવા મળ્યો હતો.

દાહોદમાં ગણેશ આગમન યાત્રા દરમિયાન અફરાતફરી મચી

જાહેરમાં બે આખલા બાખડતા લોકોના જીવ તાળવે ચોંટ્યા

ઘટના દરમિયાન સાતેક લોકોને નાની મોટી ઇજાઓ થઇ હતી

(પ્રતિનિધી) દાહોદ, તા.7 ગત રાતે દાહોદ શહેરમાં એપીએમસીના ગેટ નજીક શ્રીજી ની આગમન યાત્રા દરમિયાન બે આખલા બાખડતા સર્જાયેલી નાસભાગમાં ૭થી ૮ જણાને ગંભીર ઈજાઓ થયાનું જાણવા મળ્યું છે. સ્માર્ટ સીટી દાહોદમાં રખડતા ઢોર તેમજ સ્વાનનો આતંક ચરમ સીમાએ પહોંચ્યો છે. છાસવારે આખલાઓ વચ્ચે થતાં દ્રન્દ્વયુદ્ધ ને કારણે વાહનોનો ખુરદો બોલાતા નગરજનોને નુકસાન વેઠવાનો વારો આવે છે. હાલ દાહોદ શહેરમાં શ્રીજી આગમન યાત્રા યોજી ભક્તો શ્રીજીનું ભાવભીનું સ્વાગત કરવામાં વ્યસ્ત બન્યા છે તેવા સમયે ગઈકાલે તારીખ છઠ્ઠી સપ્ટેમ્બરના રોજ દાહોદના પાંચ થી છ જેટલા જુદા જુદા વિસ્તારનાં શ્રીજીની વાજતે ગાજતે આગમન યાત્રા નીકળી હતી. આવી જ એક કાળીયા ઠાકોર સ્વરૂપે બિરાજમાન શ્રીજીની આગમન યાત્રા પણ નીકળી હતી અને તે આગમન યાત્રા રાત્રીના સાડા દસ વાગ્યાના સુમારે દાહોદ એપીએમસી ગેટ નંબર એક નજીક થી નીકળતા શ્રીજીની મૂર્તિ ઊંચી હોવાને કારણે ઉપરથી પસાર થતા વીજ વાયરને અડતા તે વિસ્તારની લાઈટો ડુલ થઈ ગઈ હતી. આવા અંધારામાં બે કાળા આખલા બાખડતા ભારે નાસભાગ મચી જતા અફરાતફરીનો માહોલ સર્જાયો હતો.

સાંસદ જશવંતસીંહ ભાભોરની ખાસ ઉપસ્થિતી

સિંગવડમાં યુવા ચેતના જાગરણ કાર્યક્રમ યોજાયો

(પ્રતિનિધી) સિંગવડ, તા.20 દાહોદ જિલ્લાના સિંગવડ ખાતે સંસદીય સંકુલ વિકાસ પરિયોજના હેઠળ યુવા ચેતના જાગરણ કાર્યક્રમ યોજાયો. દાહોદના સાંસદ જશવંતસિંહ ભાભોરની અધ્યક્ષતામાં એન. એમ. સદગુરુ જલ અને વિકાસ પ્રતિષ્ઠાન દ્વારા આયોજન કરાયું હતું. આ કાર્યક્રમ દાહોદ જિલ્લાના સિંગવડ તાલુકાના કોમ્યુનિટી હોલ ખાતે યોજાયો હતો. જેમાં દીપ પ્રાગટ્ય કરી કાર્યક્રમને ખુલ્લો મુકવામાં આવ્યો હતો. ત્યાર પછી સાંસદ જશવંતસિંહ ભાભોર દ્વારા સદગુરુ ફાઉન્ડેશનના નિયામક શર્મિષ્ઠાબેન ને સાલ ઓઢાડી બુકે આપી તેમનું સ્વાગત કરવામાં આવ્યું હતું સાંસદ જશવંતસિંહ ભાભોર દ્વારા સદગુરુ ફાઉન્ડેશન દ્વારા સિંગવડ અને લીમખેડા તાલુકાના 25 જેટલા ગામો ને આ પરિયોજના નો લાભ આપવામાં આવશે અને આ પરિયોજના થી દરેક લોકો પોતાનો ધંધો રોજગાર કરી શકશે અને આ સંસદીય સંકુલ વિકાસ પરિયોજનાનો મુખ્ય હેતુ ગ્રામ્ય યુવાનોમાં જાગૃતિ લાવવાનો છે. તેમને વિકાસની મુખ્ય ધારામાં જોડવાનો ઉદ્દેશ્ય છે.

ઘોડા નાસી ગયા બાદ તબેલાને તાળા મારવા જેવો ઘાટ

સલરા ઉત્તર તો બુનિયાદી માધ્યમિક શાળાના મંડળ દ્વારા ખોટો ખેલ ખેલાયો

વિદ્યાર્થીઓની ગેરહાજરીને કારણે શાળા બંધ કરાવવાની અરજી આપ્યાનું યોજના બધ્ધ નાટક

(પ્રતિનીધિ) દાહોદ, તા.7 વિદ્યાર્થીઓની નહિવત્ હાજરી હોવા છતાં વિદ્યાર્થીઓની છેલ્લા એક - વર્ષથી પૂરેપૂરી હાજરી બતાવી વિવાદમાં રહેલી દાહોદ જિલ્લાના - ફતેપુરા તાલુકાની સલરા ઉત્તર તો બુનિયાદી માધ્યમિક શાળાના મંડળ - સામે જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી દ્વારા હાલ હાથ ધરવામાં આવેલી તટસ્થ અને તલસ્પર્શી તપાસથી બચવા મંડળ દ્વારા શાળામાં વિદ્યાર્થીઓની નહિવત હાજરીને કારણે શાળા બંધ કરાવવાની અરજી અધિકારીની કચેરીને મોકલી પોતાના કરતી એક અરજી જિલ્લા શિક્ષણ - બચાવ માટે એક તર્કટ રચ્યું હોવાનું બહાર આવ્યું છે. પરંતુ આ પ્રકરણમાં શાળા બંધ કરાવાની મંડળે મોકલેલ નોટિસ એક માત્ર નાટક છે. જિલ્લા શિક્ષણાધિકારીની રૂબરૂ મુલાકાત દરમિયાન સલરા ઉત્તર બુનિયાદી માધ્યમિક શાળાના ટ્રસ્ટી મંડળે શાળામાં વિદ્યાર્થીઓની નહિવત હાજરી રહેતી હોવાને કારણે શાળા બંધ કરી દેવાની માગણી કરતી લેખિત અરજી આપ્યા બાબતે પૃચ્છા કરતા દાહોદ જિલ્લા શિક્ષણ અધિકારી દામા સાહેબ એ જણાવ્યું હતું કે મંડળે આ અરજી સામે શાળા શરૂ થયાબાદ એટલે તારીખ પમી ઓગસ્ટ એ મોકલવામાં આવી હતી. સલરા ઉત્તર બુનિયાદી માધ્યમિક શાળાના ટ્રસ્ટી મંડળ દ્વારા અરજી આપવાની આ પ્રક્રિયાને એક તર્કટ ગણાવ્યું હતું.

સંજેલીમાં તાલુકા કન્યાશાળામાં શિક્ષક દિનની ઉત્સાહભેર ઉજવણી

સંજેલીઃ તાલુકા કન્યાશાળા સંજેલી ખાતે ભારતના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ અને મહાન શિક્ષણવિદ્ ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનના જન્મદિવસ નિમિત્તે શિક્ષક દિનની આનંદ અને ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. શિક્ષક દિનની ઉજવણી અંતર્ગત બાલવાટિકાથી ધોરણ-8 સુધીની કુલ 82 કન્યાઓએ 'એક દિવસના શિક્ષક' બનીને ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. કન્યાઓએ શિક્ષકની ભૂમિકા નિભાવી વર્ગખંડમાં વિવિધ શૈક્ષણિક પ્રવૃત્તિઓ કરાવી હતી.

ઉદ્ઘાટન સમારોહ યોજાયો

કાલોલ સરકારી તાલુકા ગ્રંથાલયની સેવાઓ પ્રજાજનો માટે લોકાર્પણ

(પ્રતિનિધી) કાલોલ, તા.૭ રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ તથા ગ્રંથાલય ખાતું, ગુજરાત રાજ્ય, ગાંધીનગર અંતર્ગત પંચમહાલ જિલ્લાના કાલોલ ખાતે સરકારી તાલુકા ગ્રંથાલયની સેવાઓ પ્રજાજનોને લોકાર્પિત કરવાનો ભવ્ય સમારોહ યોજાયો હતો. આ કાર્યક્રમમાં ઉદ્ઘાટક તરીકે ૧૨૭-વિધાનસભાના ધારાસભ્ય ફતેસિંહ વખતસિંહ ચૌહાણ ઉપસ્થિત રહ્યા હતા અને તેમણે ગ્રંથાલયની સેવાઓનું ઉદ્ઘાટન કરી તેને સામાન્ય જનતા માટે ખુલ્લું મુક્યું હતું. આ લોકાર્પણ સમારોહ તારીખ ૦૭-૦૯-૨૦૨૬ ને દિવસે બપોરે ૨:૦૦ કલાકે કાલોલ સ્થિત વિજય ટોકીઝ રોડ, લાલ દરવાજા પાસે આવેલ સરકારી તાલુકા ગ્રંથાલયના પરિસરમાં યોજાયો હતો.